-----------------------------------
**મહેરબાન શિહોરીના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુંઃ શિહોરી.**
-----------------------------------

ક્રિમીનલ કેસ નં.૨૮/૨૦૨૬
આંક. -૦૯

ફરિયાદી- શ્રી સરકાર

વિરુધ્ધ

Accused No.01, BHOOMI AGRO CENTRE
HOUSE NO.-11/57, BANAS SHOPPING
CENTRE, AT. SHIHORI, TA. KANKREJ,
DIST. BANASKANTHA-385330

Accused No.02, RAMESHBHAI KALUBHAI
CHAUDHARY
PATELVAS,KUNVARVA,
BANASKANTHA- 385550

Accused No.03, AGR-EH TECHNOLOGIES PVT LTD
NATARAJ INDUSTRIAL ESTATE, AT.
VASANA, IYAVA, TA. SANAND,
DIST. AHMEDABAD-382110

Accused No.04, SAVJIBHAI VASTABHAI GONDALIA,
R/O.: E-303, SAHJANAND RESIDENCY,
NR. SAURABH SOC, MEMNAGAR,
AHMEDABAD CITY, AHMEDABAD-
380052 C/O. : 4-5 NATARAJ
INDUSTRIAL ESTATE, AT. VASANA,

IYAVA, TA. SANAND, DIST. AHMEDABAD– 382110

ગુનો:–જતુનાશક દવા અધિનિયમ–1968 ની કલમ–3(k)(i), કલમ–3(k)(viii), કલમ–17(1)(a) હેઠળની શિક્ષા થાય કલમ–17(1)(d) તથા 18(1)(c) ના ભંગ બદલ આ જ અધિનિયમની કલમ–29(1)(a) મુજબ.

**:: ચુકાદો ::**

(૧) સદર કામે હાલના આરોપી સામે જતુનાશક દવા અધિનિયમ–1968 ની કલમ–3(k)(i), કલમ–3(k)(viii), કલમ–17(1)(a) હેઠળની શિક્ષા થાય કલમ–17(1)(d) તથા 18(1)(c) ના ભંગ બદલ આ જ અધિનિયમની કલમ–29(1)(a) મુજબના દંડ અને સજાને પાત્ર ગુના અંગેની ફરીયાદ દાખલ કરેલ છે. સદર કામ ફરીયાદપક્ષ ના પુરાવાના સ્ટેજ પર છે. આજરોજ આરોપી હાજર થઈ તેઓ સદર ગુનાની કબુલાત કરતા હોવાનુ જાહેર કરેલ છે.

(૨) આરોપી તરફે આંક–૦૮ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે કે તેઓનો પ્રથમ ગુનો છે અને કાયદાની અજ્ઞાનતાના કારણે મજકુર ગુનો બનેલ હોય અને પોતે ગુનો કબુલ કરતા હોય નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર ઓછામાં ઓછા દંડ કરવા રજુઆત કરેલ છે. આંક–૦૪થી૦૭ થી આરોપીઓની પ્લી લેતાં તેઓએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ ના આક્ષેપિત ગુનામાં કલમમાં સબ સ્ટાન્ડર્ડ કુડના ગુનામાં પાંચ લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. તેમજ કલમ–૨૯(૧) માં એક વર્ષ થી ઉપરની કેદની સજા તથા દસ હજાર રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. આથી આરોપીઓ વિરુધ્ધ ના આક્ષેપિત ગુનામાં સજાની જોગવાઈ

અને આરોપીઓની રજુઆત ધ્યાને લેતાં તથા તેની સાથે ઓછામાં ઓછો દસ હજાર રૂપિયા સુધીનો અને આ કોર્ટની દંડ કરવાની સત્તા સુધીનો મહત્તમ દંડ કરી શકાય તેમ હોય તે તમામ હકિકત નિગાહે લેતા અને મજકુર કામે હાલની ગુના કબુલાત પુરસીસ આરોપીઓ તરફે રજુ થયેલ હોય નામદાર સર્વોચ્ચ અદાલતનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ સુખદેવસીંગનો ચુકાદો કે જે ૧૯૯૨ SSC (CRI) પાન નં.૭૦૪ તથા નામદાર અલ્હાબાદ હાઈકોર્ટની ડીવીઝન બેંચનો ચુકાદો કે જે રામકીશન વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુપી ૧૯૯૬ CRI LJ પાન નં.૪૪૦ ઉપર પ્રકાશીત થયેલ છે. તે વંચાણે લેતાં આરોપી ટ્રાયલના કોઈપણ તબકકે ગુના કબુલાત કરવા અધિકાર ધરાવતો હોય આરોપીની હાલની ગુના કબુલાત પુરસીસ અને નામદાર સર્વોચ્ચ અદાલતના કીમીનલ અપીલ નં.૨૧૪/૨૦૧૬ નો ચુકાદો ધ્યાને લેતાં આરોપીને સી.આર.પી.સી. કલમ–૨૫૨ની જોગવાઈઓ અંતર્ગત કબુલાતને આધીન તકસીર ઠરાવતો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**હુકમ**

જતુનાશક દવા અધિનિયમ–1968ની કલમ–3(k)(i), કલમ–3(k) (viii), કલમ–17(1) (a) હેઠળની શિક્ષા થાય કલમ–17(1) (d) તથા 18(1)(c) ના ભંગ બદલ આ જ અધિનિયમની કલમ–29(1)(a), ભા.ના.સુ.સંહીતાની કલમ–૨૭૫ અન્વયે તકશીરવાન ઠરાવી, જતુનાશક દવા અધિનિયમ–1968ની કલમ– 29(1)નો ભંગ બદલ આરોપી દીઠ રુપીયા ૧૦,૦૦૦/– (દસ હજાર પુરા) એમ કુલ મળી 10000*4= 40,000/– ( ચાલીસ હજાર પુરા) જો

આરોપીઓને દંડની રકમ ભરવામાં કસુર કરે તો એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ  કરવામાં આવે છે.
જો કોઈ મુદામાલ હોય તો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તા. ૧૪ મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોકઅદાલત (સ્પેશ્યલ સીટીંગ) માં વાંચી  સંભળાવી જાહેર કર્યો.

મુકામ : શિહોરી (રીતેશ  વિનોદકુમાર પટેલ)
તા.૧૪/૦૩/૨૦૨૬ જયુ. મેજી.ફર્સ્ટ ક્લાસ,
શિહોરી કોડ નં જી.જે ૦૧૬૮૬

પા.નં....../૨૦૨૬ તા.૧૪/૦૩/૨૦૨૬
રૂા.૪૦,૦૦૦/-(અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા જમા લીધા)
મુ.શિહોરી

તા.૧૪/૦૩/૨૦૨૬ નાઝર